# મર્દાનગીને બ્રેકની જરૂર છે: એ સડક પર કેવળ એક બાઈક જ નહોતી પડી

13 સપ્ટેમ્બરે દિલ્હી નજીક આવેલા હરિયાણાના ગુરુગ્રામમાં ગોલ્ફ કોર્સ રોડ પર સવારે એક આઘાતજનક ઘટના બની. એક મહિલા બાઈકર પોતાની મોટરસાઈકલ પર જઈ રહી હતી, ત્યારે એક કારે તેને જોરદાર ટક્કર મારી. ટક્કર એટલી જોરદાર હતી કે મહિલા બાઈક પરથી ઊછળીને રસ્તા પર પટકાઈ પડી અને તેની મોટરસાઈકલ કેટલાય મીટર સુધી રસ્તા પર ઘસડાતી ગઈ. સૌથી ચોંકાવનારી વાત એ હતી કે કારચાલકે ગાડી ઊભી રાખીને ઈજાગ્રસ્ત મહિલાની મદદ કરવાને બદલે ત્યાંથી ભાગી જવાનું પસંદ કર્યું.

આ અકસ્માત નહોતો. કારચાલકને ગુસ્સો આવ્યો હતો અને તેણે બાઈકસવાર મહિલાને સબક શીખવાડવા માટે તેની કાર અથડાવી હતી. બાઈક પર કેમેરા ફીટ કરેલો હતો અને તેમાં આ આખી ઘટના રેકોર્ડ થઈ. તેનો વીડિયો સોશિયલ મીડિયા પર બહુ વાઈરલ થયો અને પોલીસે તેની



હત્યાના પ્રયાસના ગુના હેઠળ ધરપકડ પણ કરી હતી.

આ ઘટનાને જોતી વખતે દરેકના મનમાં એક અસ્વસ્થ કરી નાખતો પ્રશ્ન ઊભો થયો: આખરે એક પુરુષ ડ્રાઈવરના મનમાં એવું શું બને કે એક મહિલા સામેનો ગુસ્સો તેને એટલી હદે લઈ જાય કે તેની કાર જ તેના માટે હિંસાનું સાધન બની જાય?

**ફાયરવોલ**
**રાજ ગોસ્વામી**

ભારતમાં આવી ઘટનાઓને આપણે 'રોડ રેજ' કહીએ છીએ- વાહન ચલાવતી વખતે પડતી મુશ્કેલીના કારણે આવતો ગુસ્સો. ભારતમાં લાખો લોકો રસ્તા પર એકબીજા સાથે ઝઘડતા હોય છે, હોર્ન વગાડતા હોય છે, રસ્તો કાપતા હોય છે, ધમકીઓ અને ગાળો આપતા હોય છે, પણ મોટા ભાગના લોકો તેમના વાહનનો ઉપયોગ હથિયાર તરીકે નથી કરતા. એટલે સવાલ કેવળ ગુસ્સાનો નથી. સવાલ એ છે કે પોતાનું વાહન બીજી વ્યક્તિને અથડાવી દેવાની હિંસા પાછળ કઈ માનસિકતા હોય છે?

ગુરુગ્રામમાં આવું જ કંઈક બન્યું હતું. બાઈકર યુવતીના કેમેરામાં કેદ થયેલા દૃશ્યોમાં દેખાય છે કે એક કાર સતત તેની બાઈકની આસપાસ રહીને જાણે તેની સાથે રેસ કરી રહી હતી. યુવતી વારંવાર હાથના ઈશારાથી તેને દૂર રહેવા અને પોતાની બાઈકથી અંતર જાળવવા કહી રહી હતી. એટલે કે, તે કોઈ મુકાબલો કરવા માગતી નહોતી; ઊલટું, તે સ્પષ્ટપણે કહી રહી હતી- મારી નજીક ન આવો, મને મારી રીતે જવા દો.

પણ કદાચ કારમાં બેઠેલા પુરુષ માટે આ માત્ર એક સામાન્ય વિનંતી નહોતી. તેને જાણે આ ઈશારો પોતાની સત્તા સામેના પડકાર જેવો લાગ્યો. 'મારી વાત કેમ નથી માનતી? અને તે પણ બાઈકવાળી?'નો અહેસાસ 'આને પાઠ ભણાવવો જોઈએ' સુધી પહોંચ્યો અને ક્ષણભરનો અહંકાર એવી હિંસામાં ફેરવાઈ ગયો, જેની કિંમત એક નિર્દોષ યુવતીને પોતાના શરીરથી ચૂકવવી પડી. તે ફંગોળાઈ ગઈ. નસીબજોગે ગ્લોઝ અને હેલ્મેટના કારણે તે બચી ગઈ. કદાચ પેલાને અંદાજ પણ નહોતો કે તેની મર્દાનગી રેકોર્ડ થઈ રહી છે. અહીંથી એક મોટો સામાજિક પ્રશ્ન ઊભો થાય છે- એક સ્ત્રીનું 'દૂર રહો' કહેવું પણ કોઈ પુરુષના અહંકાર માટે એટલો મોટો પડકાર કેમ બની જાય છે!

ભારતીય સમાજમાં છોકરાઓને નાનપણથી જ ઘણી બાબતો સીધી કે પરોક્ષ રીતે ભણાવવામાં આવે છે. પોતાની વાત મનાવો. કોઈની સામે નમો નહીં. હાર ન માનો. મર્દ બનો. આવી 'શિક્ષા'ની સાથે તેમને એટલી મજબૂતીથી એવું નથી શીખવાડવામાં આવ્યું કે 'ના' સાંભળવી તે પણ મર્દ હોવાનો જ હિસ્સો છે. અસહમતીનો સ્વીકાર કરવો તે પણ તાકાત છે. કોઈ મહિલા તમને ના કહી દે તો તે પુરુષ હોવાનું અપમાન નથી. અહીંથી એક સમસ્યા શરૂ થાય છે. એક આત્મવિશ્વાસી છોકરી જ્યારે બાઈક પર રેસિંગ કરતી હોય, એકલી ડ્રાઈવ કરતી હોય, કોઈ પુરુષને છેટા રહેવાનું કહેતી હોય અથવા તેના વ્યવહાર સામે આપત્તિ વ્યક્ત કરતી હોય, તો એક સાધારણ પુરુષ માટે આ એકદમ સામાન્ય વાત છે. પણ જે બાવડેબાજ પુરુષનો આત્મવિશ્વાસ તેના મર્દ હોવા પર ટકેલો હોય, તેના માટે આ વાત 'અપમાન' જેવી બની જાય. તે છોકરીની વાત નથી સાંભળતો; તે પોતાના અહંને સાંભળતો હોય છે- 'તું મને હુકમ કરે છે?' એવી જ રીતે પેલામાં એક ખતરનાક ભાવ પેદા થયો હતો- 'આને બતાવવું પડશે કે અહીં કોની તાકાત ચાલે છે!'

આ કેવળ વ્યક્તિગત કે એકલદોકલ સમસ્યા નથી. આ એ સામાજિક સંસ્કારની વાત છે જેમાં પુરુષને અધિકાર અને સ્ત્રીને ચલાવી લેવાનું શીખવાડવામાં આવે છે. છોકરીને કહેવામાં આવે છે- દલીલ ન કરીશ, વધુ ન બોલીશ, સહન કરી લેજે. છોકરાને કદાચ એટલી ગંભીરતાથી એ નથી શીખવાડવામાં આવતું કે કોઈ છોકરી તને ના પાડે, દલીલો કરે કે સામો જવાબ આપે, તો તું ત્યાં અટકી જજે અથવા પાછળ હટી જજે.

છોકરીઓને તો એ શીખવાડવામાં આવે છે કે પુરુષોના વ્યવહારથી કેવી રીતે બચવું, પણ છોકરાઓને એ નથી કહેવામાં આવતું કે સ્ત્રી સાથે કેવી રીતે પેશ આવવું.

આ ઘટનાનું એક બીજું પણ દુ:ખદ પાસું છે. અગર કોઈ વ્યક્તિથી દુર્ઘટના થઈ પણ જાય, તો દુર્ઘટના પછી કેવી રીતે વ્યવહાર કરવો? એ ત્યાં ઊભો રહી જાય. ઘાયલ વ્યક્તિને જુએ. મદદ માંગે. એમ્બ્યુલન્સને બોલાવે. પણ મોટા ભાગના કિસ્સાઓમાં અપરાધી જગ્યા છોડીને ભાગી

**છોકરીઓને તો એ શીખવાડવામાં આવે છે કે પુરુષોના વ્યવહારથી કેવી રીતે બચવું, પણ છોકરાઓને એ નથી કહેવામાં આવતું કે સ્ત્રી સાથે કેવી રીતે પેશ આવવું**

જાય છે. અને એટલે જ એ ઘટના ક્ષણિક ગુસ્સાની કે 'રોડ રેજ'ની નથી રહેતી. તેમાં પોતાની જવાબદારીથી બચવાની માનસિકતા દેખાય છે. તાકાત એ નથી કે કમજોરને ડરાવો. તાકાત એ છે કે ગુસ્સા પર બ્રેક મારો. કોઈ મહિલા તમને દૂર હટી જવાનું કહે તો અપમાનિત મહેસૂસ ન કરવું એ તાકાત છે. સડક પર હાર-જીતનો ફેંસલો નહીં કરવાનો ભાવ તાકાત છે. અથવા 'મારાથી ભૂલ થઈ ગઈ' કહેવું એ તાકાત છે.

આપણા સમાજમાં પુરુષોને ભાવનાઓ તો આપવામાં આવી છે, પણ ભાવનાઓને સંભાળવાની શિક્ષા ઓછી આપવામાં આવી છે. તેમને અધિકાર તો આપવામાં આવ્યા છે, પણ અસ્વીકાર સહન કરવાની તાકાત આપવામાં આવી નથી. તેમને હરીફાઈ તો શીખવાડવામાં આવી છે, પણ પરાજય સહન કરવાની વૃત્તિ આપવામાં આવી નથી. તેમને તાકાત કોને કહેવાય તે તો ભણાવ્યું છે, પણ સંયમ શું કહેવાય તેની સમજ નથી આપવામાં આવી.

એટલા માટે ગુરુગ્રામની સડક દુર્ઘટનાને એક મહિલા રેસર અને એક વાહનચાલકનો ઝઘડો ગણીને ભૂલી જવાનું આસાન છે, પણ થોડા ઊંડા ઉતરીને વિચારીએ તો તે આપણા સમાજનો એક આયનો છે. સવાલ એ નથી કે એ દિવસે પેલાને કેટલો ગુસ્સો આવ્યો હતો; સવાલ એ છે કે આપણે આપણા છોકરાઓમાં ગુસ્સા, અસ્વીકાર અને સ્ત્રી સ્વતંત્રતા વિશે શું ભરી રહ્યા છીએ? કારણ કે અસલી મર્દાનગી કોઈ છોકરીને સડક પર પાડી દેવામાં નથી; અસલી મર્દાનગી એ ક્ષણે મર્દાનગી પર બ્રેક મારી દેવામાં છે.

# સંતાન-ચાલીસા

વર્તમાન સમયને સંતાનસિદ્ધિ-સુવર્ણયુગ કહી શકાય. અત્યારનાં ઘણાં માતાપિતાને એવું લાગે છે કે તેમનું સંતાન બહુ બુદ્ધિશાળી, ચાલાક અને સિદ્ધિવંતું છે. તેમને એવું ન લાગતું હોય તો પણ, બીજાને આવું લગાડવા માટે તેઓ બહુ ઉત્સુક હોય છે. જરાસરખી ઉશ્કેરણીથી કે કેટલીક વાર તો કોઈ પણ જાતની ઉશ્કેરણી વિના તેઓ તેમના સંતાનનાં ગુણગાન શરૂ કરી દે છે. આમ કરવામાં તેમને સામેવાળાની ધીરજનો, સહનશીલતાનો કે કંટાળાનો તો ઠીક, સામેવાળાને પણ સંતાન હોઈ શકે છે અને તેના મનમાં પણ આવી ભાવના ઉછાળા મારતી હોઈ શકે છે–એવો ખ્યાલ પણ નથી રહેતો.

ઉત્સાહી માતાપિતાઓની સંતાન-ચાલીસા શરૂ કરવાની રીતો અને અંદાજ જુદાં જુદાં હોઈ શકે છે. કેટલાંક પહેલાં ઠાવકાઈથી વર્તશે અને લાગણીસભર અવાજે સામેના પાત્રના સંતાનના ખબરઅંતર પૂછશે. તેમની આ ચેષ્ટાથી સામેવાળાને બહુ સારું લાગશે પણ એ વિવેકી હશે તો હાઈકુના કદમાપમાં સંતાનના ખબર આપી દેશે. કોઈ સંકોચશીલ આત્મા તો વળી કર્તા વગરનાં, ટૂંકાં ટૂંકાં વાક્યો કે વાક્યોના અધૂરા ટુકડા વહેતા મૂકી દેશે, "ભણી રહ્યો/રહી. જોબ કરે છે." સાવ આટલા સંકોચગ્રસ્ત ન હોય તે બે-ચાર વાક્યોમાં સાવ પ્રાથમિક વિગતો વહેતી મૂકશે, પણ આટલું કર્યા પછી તે શ્વાસ લે તે પહેલાં તો સામેવાળાનું શરૂ થશે. જવાબ આપનારાના હાઈકુ-સાઈઝના ઉત્તર સામે તે એકાદ ખંડકાવ્ય ઘસડી કાઢશે. તેમાં તેમના સંતાનના ઉજ્જવળ રિઝલ્ટ, તેણે જે કોર્સ કર્યો છે તેની ઉત્તમતા, એવો ઉત્તમ નિર્ણય કરવા પાછળ રહેલી સંતાનની ઊંડી સમજણ, એવી સમજણ બાળપણથી શી રીતે વિકસી અને ક્યારે ક્યારે તેના કેવા પરચા જોવા મળ્યા તેનું આખ્યાન, આ કોર્સ કરી રહ્યા પછી તેની જિંદગી કેવી સેટ થઈ જશે તેનું બહુરંગી ચિત્ર, ભણવાનું પૂરું થઈ ગયું હોય તો તેના કોન્વોકેશન સમારંભના મોબાઈલ-વગા ફોટા, તે નોકરી કરતું હોય તો ઓફિસમાં તેનો કેવો દબદબો છે, તેના બોસ તેનાથી કેવા પ્રભાવિત છે, નાની ઉંમરમાં તેનો પગાર કેટલો બધો છે અને છતાં તે કેટલું બધું ડાહ્યું છે... આ અને આવા ઘણા મુદ્દા આવી શકે. મથાળામાં તેને ભલે 'સંતાન-ચાલીસા' તરીકે ઓળખાવી હોય, પણ તેમાં 40ની સંખ્યાનો બાધ નથી. તેનાથી આગળ પણ જઈ શકાય છે.

આવાં ચાલીસા-રચયિતા માતાપિતાઓના લાંબાલસર જવાબ સાંભળીને સામેવાળાને બત્તી થાય છે કે તેમણે મારા સંતાનના ખબર ક્યાંક એટલા માટે તો નહીં પૂછ્યા હોય કે જેથી જવાબી કાર્યવાહી તરીકે તે તેમની સંતાન-ચાલીસા મારા લમણે ફટકારી શકે? આવા અનુભવ બે-ચાર-છ વાર થાય એટલે પછી તે મનમાં ગાંઠ વાળે છે કે અમુક લોકો સંતાનના ખબર પૂછે તો પણ ફક્ત 'મઝામાં' એટલો જ જવાબ આપવો.

**બોલ્યું-ચાલ્યું માફ**
**ઉર્વિશ કોઠારી**

પણ જવાબ આપનાર વ્યૂહરચના બદલી શકે તો પ્રશ્ન પૂછનાર કંઈ હાથ જોડીને બેસી રહે? એવા કેટલાક લોકો તેમનો અંદાજ બદલી નાખે છે અને "તમારું સંતાન શું કરે છે?" એવો સવાલ ગબડાવ્યા પછી, તે જવાબની રાહ જોવા ઊભા રહેતા નથી. વચ્ચે શ્વાસ લીધા વિના તેઓ "અમારો તો હમણાં જ આઈટી એન્જિનિયર થયો ને એક બહુ મોટી ઈન્ટરનેશનલ કંપનીમાં જોબ મળી છે..." એમ કહીને સંતાન-ચાલીસા આરંભી દે છે. સામેવાળાની સ્થિતિ એવી થાય છે, જાણે પોતાની ટ્રેન આવી એમ જાણીને પ્લેટફોર્મ પર થોડા આગળ આવ્યા હોય ને એવામાં ત્યાં ઊભી ન રહેતી કોઈ એક્સપ્રેસ ટ્રેન સડસડાટ પસાર થઈ જાય. બે ઘડી તો તેને ખ્યાલ ન આવે કે યે ક્યા હો ગયા. પછી ખબર પડે કે "તમારું સંતાન શું કરે છે?" એ વાસ્તવમાં સવાલ હતો જ નહીં.

એ તો તેમની સંતાન-ચાલીસા શરૂ કરવા માટેનું ઓપનિંગ મ્યુઝિક હતું.

કેટલાક લોકો સંતાન-ચાલીસાના મામલે સાવ બેશરમ હોય છે. તેઓ કોઈને પણ અંતરિયાળ પકડીને, અધરસ્તે બાજુ પર ઊભા રાખીને, ચાલુ કરી શકે છે, "તમને મેં કહ્યું કે નહીં? અમારી ફલાણીએ કે અમારા ઢીકણાએ તો ફેમિલીનો નહીં, આખા ગુજરાતનો વટ પાડી દીધો." આટલું સાંભળીને કોઈને વળી એવો તાર્કિક વિચાર આવે કે તેણે એવરેસ્ટ સર કર્યું હશે? એકાદ અબજ રૂપિયાની બજારકિંમત ધરાવતી કંપની સ્થાપી હશે?



**સંતાન-ચાલીસામાં તર્કને શું સ્થાન? એ તો વિશુદ્ધ પ્રેમભક્તિનો મામલો છે**

પરદેશમાં કોઈ ઠેકાણે ચૂંટાયો હશે કે કોઈ સર્વોચ્ચ સન્માન મળ્યું હશે? પણ આ બધી શક્યતાઓ મૂળભૂત રીતે ખોટી પડવા સર્જાયેલી છે. કેમ કે, તે તાર્કિક છે. સંતાન-ચાલીસામાં તર્કને શું સ્થાન? એ તો વિશુદ્ધ પ્રેમભક્તિનો મામલો છે.

સંતાન-ચાલીસા ખાળવા અશક્ય બને ત્યારે સાંભળનાર પાસે એક જ વિકલ્પ બચે છે. તે કહી શકે છે, "તમારા સંતાનની સિદ્ધિઓ વિશે, તેણે ભણવામાં કે નોકરીમાં કે પરદેશમાં કેવાં તીર માર્યાં તેના વિશે તમારે જે કહેવું હોય તે બધું જ તમે કહો. હું તે આનંદથી સાંભળીશ, પણ એ કામ માટે એક મિનિટના હું એક હજાર રૂપિયા લઉં છું.

પરદેશ રહેતા સંતાનના ચાલીસા સંભળાવવા હોય તો તેના માટે એક મિનિટના 10 પાઉન્ડ કે 12 ડોલર. ભાવ તમને કદાચ મોંઘો લાગે પણ ક્વોલિટી સર્વિસ મળશે. વચ્ચે વચ્ચે હું ચાલીસાને લગતા પેટાપ્રશ્નો પણ પૂછીશ ને આડવાતો જાણવાનો પણ પ્રયાસ કરીશ. હવે તમે સંભળાવો સંતાન-ચાલીસા. આપ કા સમય શુરુ હોતા હૈ અબ."

ત્યાર પછી પણ કોઈ સંતાન-ચાલીસા સંભળાવવા ઉત્સુક હોય તો... સાંભળી લેવાના. સોદો ખોટો નથી.

## ઈશિતાનું અલકમલક

# રમો સંતાકૂકડી...પોલીસથી લઈને ગુગલ સુધી!

પોલીસની બે તો અપરાધીની ચાર આંખ.' એવાં વાક્યપ્રયોગ આપણે ત્યાં અવારનવાર થાય છે. કહેવાનો અર્થ એ કે કોઈ વાર પોલીસ વધુ ચબરાક ઠરે તો કોઈ વાર ગુનેગાર. ચોર-પોલીસની આવી સંતાકૂકડીમાં અંતે તો કાયદાના હાથ લાંબા પુરવાર થાય છે. હા, એ હાથ લાંબા થાય એ પહેલાં ચબરાક ગુનેગાર એવી ચાલ ખેલે કે ખુદ પોલીસે એને 'સલામ' કરવી પડે. થોડા સમય અગાઉ 'ઈશિતા'એ એક અપરાધ-કથા વાંચી હતી. સાચી છે કે



'ગૂગલ'ને ઊંધે રસ્તે ચઢાવી દિશા ભૂલાવતી ટ્રિક

કાલ્પનિક એ રામ જાણે પણ એમાં આખરે કોનો હાથ ઉપર રહે છે એ વાત અહીં ગૌણ છે. અહીં મહત્ત્વની વાત એ છે કે પોલીસને ઊંધે રસ્તે દોરવા અપરાધીએ વાપરેલી ટ્રીક કેવી સરળ છતાં સચોટ હતી. ધારી લો કે આમચી મુંબઈના એક ફ્લેટમાં કોઈ એકલી રહેતી શ્રીમંત મહિલાની હત્યા થઈ. ઘરમાંથી જર - ઝવેરાત - રોકડ રકમની મોટી લૂંટ પણ થઈ. પેલી મહિલાનો મોબાઈલ ફોન પણ લઈને ગુનેગાર છટકી ગયો હતો. મહિલા જ્યાં રહેતી હતી એ મકાન-સોસાયટીના CCTV ફૂટેજમાંથીય કોઈ ચોક્ક્સ પગેરું ન મળ્યું. પોલીસને એક માત્ર આશા હતી કે પેલો ગુનેગાર જો ચોરેલો મોબાઈલ ઓન કરે તો એના લોકેશનના આધારે ગુનેગારનું પગેરું મળે. થોડો સમય પછી પોલીસની ધીરજ ફળી. મોબાઈલનાં ઓન થતાં એના સિગ્નલ્સ પરથી ખબર પડી કે વિરારથી ચર્ચગેટ તરફ જઈ રહેલી કોઈ લોકલ ટ્રેનમાંથી પેલા મોબાઈલનાં સિગ્નલ્સ આવી રહ્યાં છે. ચર્ચગેટ સ્ટેશન પર પોલીસ ટીમ સાબદી કરવામાં આવી. જે કોઈ પણ શંકાસ્પદ વ્યક્તિ પાસેથી આ મોબાઈલ મળી જાય તો અપરાધી ઝડપાઈ જાય. ટ્રેન ચર્ચગેટ સ્ટેશન પહોંચી. ત્યાં આવતાં-જતાં હજારો પ્રવાસીઓમાંથી કોના સેલ ફોનમાંથી પેલા સિગ્નલ્સ આવી રહ્યાં હતાં એ પારખવાં- શોધવાં માત્ર મુશ્કેલ જ નહીં- નામુમકીન હતાં. પોલીસ ટીમ અવઢવમાં હતી ત્યાં પેલા સિગ્નલ્સ ચર્ચગેટથી વિરાર જતી લોકલમાંથી પ્રસારિત થવાના શરૂ થયા અર્થાત પેલો કથિત ગુનેગાર ફરી ટ્રેનમાં વિરાર પરત થઈ રહ્યો છે. આવું વિરાર-ચર્ચગેટ - ફરી વિરાર એવું કલાકો સુધી ચાલ્યું પણ અપરાધી હાથ ન લાગ્યો. આખરે મોડી રાતે લોકલ ટ્રેન શેડ્સમાં ગઈ પછી પોલીસને એક લોકલમાંથી પેલો મોબાઈલ મળી આવ્યો. ભેજાબાજ અપરાધીએ પેલો ચોરેલો મોબાઈલ ઓન કરીને લોકલ ટ્રેનની એક સીટ નીચે સંતાડી દીધો હતો ને પોલીસને વિરાર - ચર્ચગેટ-વિરાટ રુટ વચ્ચે ક્લાકો સુધી દોડતી રાખી અને એ દરમિયાન અપરાધી આબાદ છટકી ગયો હતો! હકીકતમાં આ ટ્રિક 'ક્રાઈમ પેટ્રોલ' જેવી કેટલીક ટીવી સીરિયલ્સમાં વપરાઈ પણ છે. આમ કોઈ પણ ભેજાંબાજ ગુનેગાર કોઈ પણ સિસ્ટમમાં છીંડાં પાડીને કાયદાના રક્ષકોને આબાદ છેતરી શકે છે. હવે આ જાણોઆજકાલ 'આર્ટિફિશ્યલ ઈન્ટેલિજન્સ' (AI) ની જબરી ચર્ચા થઈ રહી છે. એનાથ માનવજાતને બડો ખતરો છે એવો ભય બધાંને સતાવે છે પણ મશીન કરતાંય માનવબુદ્ધ સર્વોત્તમ છે એ પુરવાર કરવા થોડા સમય પહેલાં શિકાગોમાં એક પ્રયોગ થયો હતો. ત્યાંના સિમોન વેકર્ટ નામના એક જાણીતા યુટ્યુબર- ઈન્ફ્લુએન્સરે ગૂગલની દિશા દર્શાવતી જાણીતી ઈ-મેપને આબાદ છેતરી દેખાડ્યું છે. કોઈ પણ સ્થળે પહોંચવા આપણે ગૂગલ મેપ્સ એપની મદદ લઈએ છીએ. રસ્તો કેટલો દૂર છે - વચ્ચે કેવો ટ્રાફિક છે એની સાથે પેલી ગુગલ મેપ્સ આપણને રેડ-ઓરેન્જ -ગ્રીન કે યેલો કલર દ્વારા દિશા સૂચવે છે. સિમોને એક સાથે ૯૯ જેટલાં સ્માર્ટ ફોન એકઠા કરી એ બધામાં ગૂગલ મેપ્સ એપ ચાલુ કરીને એક નાના કાર્ટમાં મૂક્યા પછી સિમોન એ હાથગાડી લઈને ચાલતો નીકળ્યો. એ જે જે રોડ પરથી પસાર થતો ગયો એ બધા રોડ પર 'ટ્રાફિક જામ છે' એવાં સિગ્નલ્સ ગુગલ મેપ્સ અન્ય વાહનોને આપવા લાગ્યું. પરિણામે બીજા વાહનચાલકો 'એ રસ્તા પર સખત ટ્રાફિક જામ છે' એવું સમજી-વિચારીને બીજા રસ્તા તરફ ફંટાવા માંડયા. આને લીધે બીજાં રોડ પર ટ્રાફિક જામ થઈ ગયો અને ૯૯ સ્માર્ટ ફોન લઈને સિમોન જ્યાંથી નીકળતો હતો એ રોડ પર સમ ખાવા પૂરતોય ટ્રાફિક ન હતો! આમ 'બુદ્ધિશાળી' ગણાતી કોઈ પણ ગોઠવણને ગોથાં ખવડાવીને આબાદ ૧૦૦ % છેતરવી શક્ય છે!

## તણાઈ ગયેલી તિજોરીઓનો તગડો માલ

નેપાળમાં તાજેતરનાં વિનાશક પૂરે અકલ્પનીય વિનાશ વેર્યો છે. ૧૪૦૦ જેટલાં મોત અને ૪૯૯૬ જેટલાં લોકો હજુ લાપત્તા છે. એ બધી જાનહાનિ વચ્ચે નેપાળની ૨૦ જેટલી બેન્કની તિજોરી પણ પૂરમાં તણાઈ ગઈ છે, જેમાં સોના સાથે અંદાજિત કરોડો રોકડા રૂપિયા છે. પોલીસ આ બધાંની શોધખોળમાં લાગી ગઈ છે. પોલીસની સાથે કેટલાક જવાંમર્દ અપરાધીઓ પણ પૂરનાં પાણી ખૂંદીને પેલી તિજોરીની શોધમાં લાગી ગયા છે. આવી ટોળકીને તણાયેલી એક તિજોરી હાથ લાગી પણ પોલીસે એ ટોળકીને જ ઝડપી લીધી તો એમાંથી ૯૭ લાખ નેપાળી રૂપિયા (આશરે આપણા ૫૭.૫૦ લાખ રૂપિયા) અને ૫૦ કરોડ નેપાળી રૂપિયા (આપણા ૩૨ કરોડ) નું સોનું મળી આવ્યું છે! આનાથી પરથી અંદાજ કરી શકાય કે બાકીની ૧૯ બેન્ક તિજોરીમાં કેટલો દલ્લો હશે. આ જાણીને બીજા અપરાધીઓ પણ પૂરનાં પાણીમાં ન ઝંપલાવે તો નવાઈ.

## ઈશિતાનું ઈત્યાદિ...ઈત્યાદિ

- તાજેતરમાં આપણે 'અહિંસા પરમો ધર્મ' અને 'જીવો અને જીવવા દો' જેવા શાશ્વત સંદેશ આપનારા ભગવાન મહાવીરના જન્મોત્સવ સાથે પર્યુષણ પર્વ ઉજવ્યું. જાણતાં-અજાણતાં મનદુ:ખ પહોંચાડ્યું હોય તો એકમેકને 'મિચ્છામિ દુક્કડમ' પણ કરી દીધું. જો કે એ બધાંની વચ્ચે દિગમ્બરવાસીઓના પર્યુષણ હજુ ૨૫ સપ્ટેમ્બર સુધી છે. એ અવસરે જગત કેટલું બધું 'અહિંસામય' છે એ વિશે એક સર્વે થયો, જેનાં અમુક તારણ રસપ્રદ છે, જેમ કે...
- આજે ૩૦૦થી વધુ મહાવિદ્યાલયોમાં અહિંસા અને પીસ અર્થાત શાંતિ પર વિશેષ અભ્યાસક્રમ છે.
- અત્યાર 'પીસ ટુરિઝમ' તરીકે પર્યટનની એક અલગ કેટેગરી- શાખા લોકપ્રિય બની રહી છે. વિશ્વમાં ભારત સહિત ૮૦૦ જેટલાં સ્થળ એવાં છે જયાં પર્યટકો યુદ્ધ નહીં - શાંતિ 'જોવા - અનુભવવા' જાય છે.
- 'અહિંસા' વિષય પર ૫૦ હજારથી પણ વધુ પુસ્તકોનું આલેખન થયું છે.
- એ જ રીતે, 'અહિંસા' પર ૧ હજારથી પણ વધુ ફિલ્મ્સ અને ડોક્યુમેન્ટરીઝ બની છે. અહિંસક સંઘર્ષ દર્શાવવા માટે કેટલીક ફિલ્મ્સને નામાંકિત પારિતોષિક મળ્યાં છે. 'શિન્ડલર્સ લિસ્ટ' ફિલ્મને તો ૭ ઓસ્કર પણ એનાયત થયાં છે!

## ઈશિતાની એલચી

**Delete જેટલું જલ્દી થાય છે એટલું ઝડપથી Download નથી થતું કેમ કે સર્જનમાં સમય લાગે - વિસર્જનમાં નહીં!!**